પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૧ | ૨૩ જાન્યુઆરી, ૨૦૨૨, રવિવાર; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મુંબઈમાં ૨૦ માળની ઈમારતમાં ભીષણ આગ

## આગમાં સાતનાં મોત : આગ બિલ્ડિંગના ૧૮મા માળ ઉપર લાગી હતી : ફસાયેલા લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા



મુંબઈ, તા.૨૨

દેશની આર્થિક રાજધાની તરીકે ઓળખાતા મુંબઈ શહેરના તાડદેવ વિસ્તારમાં આજે વહેલી સવારે લગભગ સાડા સાત વાગ્યાની આસપાસ એક ૨૦ માળની ઈમારતમાં આગ લાગવાની ઘટના બની છે. દુર્ઘટનામાં અત્યાર સુધી ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૧૫થી વધુ લોકોને ઈજા પહોંચી છે. ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રાપ્ત જાણકારી અનુસાર, આ આગ બિલ્ડિંગના ૧૮મા માળ પર લાગી હતી. અત્યારે ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગ ઓલવવાનું કામ શરુ કરી દેવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિસ્તારમાં સ્થિત ભાટિયા હોસ્પિટલની બાજુની ઈમારતમાં આ આગ લાગી હતી. મહત્વનું છે કે આગ લાગવાના સમાચાર મળતા ઘટના સ્થળે પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરી દીધું છે. આ સમયે ત્યાં ૨૧ ફાયરની ગાડીઓ હાજર છે. બિલ્ડિંગમાં ફસાયેલા લોકોને બહાર કાઢી લેવામાં આવ્યા છે. પ્રાથમિક જાણકારી અનુસાર, મુંબઈના નાના ચૌક પાસે આવેલી જે ઈમારતમાં આગ લાગી છે તેનું

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં એક્ટિવ કેસનો દર ૫.૪૩ ટકા

## દેશમાં ૩૩૭૭૦૪ નવા કેસ નોંધાયા : ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા ૧૦૦૫૦ થઈ ગઈ છે ગુરૂવારની તુલનામાં તેમાં ૩.૬૯ ટકાનો વધારો થયો છે

નવી દિલ્હી,તા.૨૨

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કેસમાં આંશિક રાહત મળી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩,૩૭,૭૦૪ નવા કેસ મળ્યા છે. ગુરૂવારની તુલનામાં ૯૫૫૦ કેસ ઓછા આવ્યા છે. તો આ દરમિયાન ૪૮૮ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૪૨,૬૭૬ લોકો સાજા થયા છે. આ રીતે કોવિડને માત આપનારની સંખ્યા વધીને ૩.૬૩ કરોડથી વધી ગઈ છે. હાલ રિકવરી રેટ ૯૩.૩૧% છે. દેશમાં આ સમયે કોરોનાથી ૨૧,૧૩,૩૬૫ દર્દીઓની સારવાર ચાલી રહી છે. એક્ટિવ કેસનો દર ૫.૪૩ ટકા છે. તો ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા ૧૦૦૫૦ થઈ ગઈ છે. ગુરૂવારની તુલનામાં તેમાં ૩.૬૯ ટકાનો વધારો થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા પ્રમાણે દેશમાં હવે એક્ટિવ કેસની સંખ્યા વધીને ૨૧ લાખ ૧૩ હજાર ૩૬૫ થઈ ગઈ છે. તો મહામારીથી મૃત્યુ પામનારની સંખ્યા વધીને ૪ લાખ ૮૮ હજાર ૮૮૪ થઈ ગઈ છે. આંકડા પ્રમાણે કાલે બે લાખ ૪૨ હજાર ૬૭૬ લોકો સાજા થયા.



# કોરોનાથી સાજા થવાના ૩ મહિના બાદ રસીનો ડોઝ આપવામાં આવશે

## કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે વેક્સીનને લઈને જાહેર કરી નવી ગાઈડલાઈન

નવી દિલ્હી,તા.૨૧

કેન્દ્ર સરકારે કહ્યું કે, સંક્રમિત થયેલ વ્યક્તિઓના રસીકરણમાં ત્રણ મહિનાનો વિલંબ થશે. તેમાં પ્રિકોશન ડોઝ પણ સામેલ છે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને મોકલેલા પત્રમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અધિક સચિવ વિકાસ શીલે કહ્યુ- મહેરબાની કરીને ધ્યાન આપો- જે વ્યક્તિઓના ટેસ્ટમાં કોવિડ-૧૯ સંક્રમણની પુષ્ટિ થઈ છે, હવે તેને સાજા થવાના ત્રણ મહિના બાદ વેક્સીનનો ડોઝ આપવામાં આવશે. તેમાં પ્રિકોશન ડોઝ પણ સામેલ છે. શીલે કહ્યુ- હું વિનંતી કરુ છું કે સંબંધિત અધિકારી તેનું ધ્યાન રાખે. હકીકતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોન આવ્યા બાદ ફરી દેશમાં વેક્સીનેશનની ગતિ વધારી દેવામાં આવી છે. વાયરસના બચાવ માટે સરકાર ઘણા માધ્યમો દ્વારા જાગરૂકતા ફેલાવી રહી છે. તેવામાં લોકોના મનમાં સવાલ ઉઠી રહ્યો છે કે આખરે વેક્સીન લગાવવા કે કોરોના સંક્રમણથી સાજા થયા બાદ કેટલા મહિના સુધી ઈમ્યુનિટી એટલે કે એન્ટી બોડી શરીરમાં યથાવત રહે છે. લોકોના મનમાં ઉઠી રહેલા સવાલને લઈને આઈસીએમઆરના ડીજી બલરામ ભાર્ગવે જાણકારી આપી છે. બલરામ ભાર્ગવ પ્રમાણે કોરોના સંક્રમિત દર્દીના સાજા થયાના કે વેક્સીનના બંને ડોઝ લીધા બાદ ૯ મહિના સુધી એન્ટીબોડી હાજર રહે છે.



આઈસીએમઆરના ડીજી પ્રમાણે વેક્સીનથી મળેલી ઈમ્યુનિટીને લઈને ભારતમાં અભ્યાસ થયો અને ગ્લોબલ સ્તર પર પણ રિસર્ચ થયું છે. આ સ્ટડીથી સ્પષ્ટ છે કે એન્ટી બોડી આશરે ૯ મહિના સુધી શરીરમાં જીવિત રહે છે. સાંજે ૭ વાગ્યે કોવિન પોર્ટલના ડેટા અનુસાર, દેશમાં અત્યાર સુધીમાં એન્ટી-કોરોના રસીના કુલ ૧૬૧.૦૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે. તેમાં ૯૨.૫૮ કરોડ પ્રથમ ડોઝ અને ૬૭.૭૬ કરોડ બીજા ડોઝનો સમાવેશ થાય છે. અત્યાર સુધીમાં ૭૧.૨૭ લાખ પ્રિકોશન ડોઝ પણ લગાવવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કુલ ૧૫૯.૯૧ કરોડ ડોઝ મફતમાં આપવામાં આવ્યા છે.

# નવા ભારતનું સપનુ ગામડાથી પુરૂ થશે : મોદી

## સામૂહિક અભિગમ સાથે કામ કરવું પડશે : વડાપ્રધાન દરેક મહત્વકાંક્ષી જિલ્લામાં જનધન ખાતામાં ૪-૫ ગણી વૃદ્ધિ : દરેક પરિવારને શૌચાલય મળ્યું છે અને દરેક ગામ સુધી વીજળી પહોંચી છેઃ મોદી

નવી દિલ્હી, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દેશના વિભિન્ન જિલ્લાધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરી છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યુ કે છેલ્લા ૪ વર્ષમાં દેશના લગભગ દરેક મહત્વાકાંક્ષી જિલ્લામાં જનધન ખાતામાં ૪થી ૫ ગણી વૃદ્ધિ થઈ છે. લગભગ દરેક પરિવારને શૌચાલય મળ્યું છે અને દરેક ગામમાં વીજળી પહોંચી છે. વીજળી માત્ર ગરીબના ઘરમાં નથી પરોંચી પરંતુ લોકોના જીવનમાં ઉર્જાનો સંચાર થયો છે.

પીએમ મોદીએ કહ્યુ- આજે મહત્વાકાંક્ષી જિલ્લા દેશને આગળ વધારવાનો અવરોધ સમાપ્ત કરી રહ્યાં છે. તમારા બધાના પ્રયાસોથી મહત્વાકાંક્ષી જિલ્લા આજે ગતિરોધકની જગ્યાએ ગતિવર્ધક બની રહ્યાં છે, જે જિલ્લાઓ એક સમયે ઝડપી પ્રગતિ કરતા ગણાતા હતા, આજે આ મહત્વાકાંક્ષી જિલ્લાઓ પણ અનેક માપદંડોમાં સારી કામગીરી બતાવી રહ્યા છે. તે ફરજ માર્ગ ઈતિહાસ રચે છે. આજે આપણે એ જ ઈતિહાસ દેશના મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં રચાતા જોઈ રહ્યા છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# ગોવાના પૂર્વ સીએમ લક્ષ્મીકાંત પારસેકરનું ભાજપમાંથી રાજીનામું

નવી દિલ્હી, તા.૨૨

રાજકારણમાં ચૂંટણી સમયે પાર્ટી છોડવાનો સિલસિલો સામાન્ય બની જાય છે. આવી સ્થિતિમાં ભારે હોબાળો વચ્ચે ગોવાના પૂર્વ સીએમ લક્ષ્મીકાંત પારસેકરે ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે અને પાર્ટી પર ગંભીર આરોપો લગાવ્યા છે.

પૂર્વ સીએમએ કહ્યું, 'હું વર્ષો સુધી ભાજપનો સભ્ય હતો પરંતુ પાર્ટીએ મને હળવાશથી લીધો. મેં પાર્ટીથી દૂર રહેવાની તૈયારી કરી છે અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે.

પારસેકર ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી ગોવાના મુખ્યમંત્રી હતા. તત્કાલિન મુખ્યમંત્રી મનોહર પર્રિકરને કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ કર્યા બાદ તેઓ રાજ્યના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા.










